શ્રી

સૂરશ્યામ.

નાટકના ઑપેરા

શ્રી વાંકાનેર આર્ય હિતવર્ધક નાટક કંપની માટે

રચીને પ્રસિદ્ધ કરનાર

રાવળ ત્રંબકલાલ હરશંકર.

શ્રી વાંકાનેર આ[illegible] હિ[illegible] ના[illegible] કં[illegible] ના માલેક.

વડોદરા.

આવૃત્તિ [illegible] પ્રત ૨૦૦૦

સંવત ૧૯[illegible] સન ૧૯[illegible]

અમદાવાદ રાયપુર ભાગાળા નાકાની પોળમાં હરિભાઈ
[illegible]પતરામે પોતાના "ગ્રન્થોદય" પ્રેસમાં છાપ્યા

કીંમત રૂ. ૦—૨—૦.

૭૦૯૮

૭૦૭૯

સુચના.

ઐતિહાસિક ભક્તિરસ ભરી વસ્તુતાની ભભક અને આનીને વધારે રસમય અને ભાવમય આલેખવા સારૂ કલ્પનાના પ્રદેશમાં નાટકકારોને વધારે અટન રટન કરવાની જરૂરીઆત જણાય છે; અને તેટલા સારૂ લેવાતી છુટની મર્યાદાની કક્ષામાં રહી પ્રસ્તુત નાટકની વસ્તુ સંકલનામાં પંચીકરણમાં આધારભુત મનાતા કર્મેન્દ્રિ અને જ્ઞાનેન્દ્રિના વિષયો અર્થાત કામ, ક્રોધ, મોહ; લોભ, ધર્મ, અર્થ, માયા અને ભક્તિને વધુ વિસ્તારથી રૂપકમાં પાત્રરૂપે સાંધી બાંધી અને ગુંથી વસ્તુને વધારે રસમય કરવા પ્રયત્ન આદરવામાં આવેલ છે. સાંપ્રત સમયના છાયા પરિશિલન તરીકે મનાતા કલિયુગ કલિને વધારે કલ્પનાના રસમય પ્રદેશમાં રમાડી નાટકના મુખ્ય નાયકના કાર્યની કસોટી રૂપે અર્થાત પરિક્ષક રૂપે બોધક વિરરસમય કાર્ય કરતો બતાવવામાં આવેલ છે.



શ્રી

સૂરશ્યામ નાટકનો ટુંકસાર.

અંક પહેલો.

પ્રારંભે—મંગળાચરણ. આદ વસ્તુ સુચન.

પ્ર. ૧ લો—કળિયુગના અવનિની અધોગતિ કરવાના અને ધર્મ, ભક્તિ પુન્ય તથા સતકર્મનો નાશ કરવાના વિચાર, મોહ ક્રોધને આજ્ઞા, નારદજીનું આગમન, કળીનું ઉગ્ર સ્વરૂપ જોઇ નારદજીનો ખેદ.

પ્ર. ૨ જો—ધર્મરાજાના દરબારમાં નારદમુનિનું આવવું, મૃત્યુલોકના સમાચાર જાણવાની ઇચ્છાવાળા ધર્મરાજા પ્રતિ કળીયુગની સ્થીતિનું વર્ણન, ધર્મરાજાનું મૃત્યુલોકમાં થતા અનાચાર તપાસવા અને કળીયુગની સત્તાનું દીગદર્શન કરવા નારદમુનિ સાથે મૃત્યુલોકમાં જવું.

પ્ર. ૩ જો—કળીયુગના પ્રભાવનું પ્રથમ દર્શન. ગુણીકા ચિન્તામણીના પ્યારમાં લપટાયલો બ્રાહ્મણ પુત્ર બીલ્વમંગળ, નારદમુનિનો બીલ્વમંગળને ઉપદેશ, વિષયાંધ બીલ્વમંગળ તેનો તિરસ્કાર કરી મારવા તૈયાર થતાં નારદજી તથા ધર્મરાજા પસ્તાવો કરતા ભગવાનની સમીપે કળિયુગના ભયંકર પરિણામનું વર્ણન કરવા જાય છે.

પ્ર. ૪ થો—વૈકુંઠમાં રાસમંડલ. નારદજી તથા ધર્મરાજા ત્યાં આવી કળીયુગની સ્થીતિ જણાવે છે અને બીલ્વમંગળના અધમ-પણાની હકીકત નિવેદન કરે છે, ભગવાન પોતાના થનાર

ઉત્તમ ભક્ત બીલ્વમંગળની ઉત્તમતાનું રહસ્ય સમજાવે છે, નારદજી શંકાશીલ રહે છે અને ધર્મરાજા પ્રભુવચન સત્ય માની ચાલ્યા જાય છે. નારદજી બીલ્વમંગળની કસોટી કરવાનો હૃદયમાં વિચાર કરે છે.

પ્ર. ૫ મો—બીલ્વમંગળની સતિ સ્ત્રી પ્રભાવતી સ્વામિની રાહ જુએ છે ત્યાં બીલ્વમંગળ આવી તેના દાગીના લઇ, સતિ સ્ત્રીનો તિરસ્કાર કરી ચિન્તામણી ગુણીકાને દ્વારે ચાલ્યો જાય છે.

પ્ર. ૬ ઠ્ઠો—બીલ્વમંગળ ઉપર આશક્ત પડેલી ચિંતામણી પોતાના યારની રાહ જુવે છે, ત્યાં બીલ્વમંગળ હીરા મોતીના સાચા દાગીના લઈ આવે છે. આશક માશુકનો અજબ પ્રેમ શૃંગાર.

પ્ર. ૭ મો—ચંદ્રસીંહ રાજાનો નીચ દિવાન મંદમતિ ઉર્ફે પક્કા પોપટલાલ પોતાના નોકર અક્કલ સાથે વાતચીત કરે છે ત્યાં ચંદ્રસીંહ રાજાનું આવવું, સુમતિચંદ્ર સાથે વાતચીત થતાં નીચ દિવાન પક્કા પોપટલાલ રાજાને અવળું સમજાવી સુમતિચંદ્રને હલકો પાડવા અને સોમગીરી સંતને વ્યભિચારી બનાવવા શરત કરે છે, રાજાના ગયા પછી ચિન્તામણી ગુણીકાને બોલાવી સોમગીરીને ફસાવવા મોકલે છે.

પ્ર. ૮ મો—સોમગીરી સંતનો આશ્રમ. રાત્રીને સમયે ચિન્તામણીનું આવવું, સંત તથા ગુણીકાની વાતચીત, છુપા વેષથી ચંદ્રસીંહ રાજા આવી સંતાઇ જાય છે, છેવટે ગુણીકાની અયોગ્ય માગણીથી સોમગીરી આત્મઘાત કરવા તૈયાર થતાં સંતના તપના પ્રભાવથી ચિન્તામણી વીજળી પડવાથી મરણ પામે છે ત્યાં રાજા પ્રગટ થઈ મહાત્માને શાંત કરતાં ભેદનો ખુલાસો થાય છે અને દયાળુ સંત ચિન્તામણીને નિર્દોષ ગણી સજીવન કરે છે, ચિન્તામણીને ભક્તિ સંસ્કારના નવિન

જન્મ સાથે ઉત્તમ જ્ઞાનનો ઉદય થાય છે: તેથી સોમગીરીની શિષ્યા બને છે.

પ્ર. ૯ મો—બીલ્વમંગળનું મકાન. પીતાના શ્રાદ્ધકાર્યમાં રોકાવાથી રાત્રીએ ચિન્તામણીને ત્યાં જવા તૈયાર થાય છે, સતિ પ્રભાવતી નીતિ ધર્મ સમજાવી બીલ્વમંગળને અટકાવે છે. મોહાંધ બીલ્વમંગળ સતિને માર મારી તિરસ્કાર કરી ચાલ્યો જાય છે. સતિ ઈશ્વર ઈચ્છાએ મર્ણ પામે છે ત્યાં પાસેનાં પાડોસીજનો સતિના મર્ણની ખબર સાંભળી આવી પહોંચતાં શોર મચાવે છે. નગરચર્ચા જોવા નીકળેલા રાજા ચંદ્રસિંહ ત્યાં આવી પહોંચતાં સર્વ વાતનો ખુલાસો સમજાય છે અને બીલ્વમંગળ સતિને મારી નાખી ગુણીકા દ્વારે નાશી ગયાનું સર્વ કહે છે, તેથી બીલ્વમંગળને પકડવા રાજા તથા સિપાઈઓ રાત્રે ચિન્તામણીને મકાને જાય છે.

પ્ર. ૧૦ મો—પ્રપંચી દિવાન પક્કા પોપટલાલનું ઘર. ખવાસણ ફુલીની નોકર અક્કલની સાથે માથાકુટ. ત્યાં પક્કા પોપટલાલનું આવવું. ફુલીના કહેવાથી અક્કલને રજા આપવી તેવામાં સુમતિચંદ્ર આવી દેશપાર થવાનો રાજાનો હુકમ સંભળાવે છે જેથી ઢોળી—દિવાન દુનિયાને ઠગવા સાધુ થવાનો નિશ્ચય કરી પોતાની બાયડી ફુલીને મા કહી રજા આપે છે.

પ્ર. ૧૧ મો—ચિન્તામણીને ત્યાં રાત્રે નદીની સામી બાજુથી મડદા ઉપર બેસી પાણીમાં તરતો બીલ્વમંગળ આવે છે અને દ્વાર બંધ હોવાથી સર્પ પકડી ઉપર ચઢે છે, ચિન્તામણીને જાગ્રત કરતાં સર્પ તથા મુડદાની હકીકત પુરાવા રૂપે જાહેર થાય છે. ભક્ત ચિન્તામણી બીલ્વમંગળને અપાર ધીટકાર આપે છે. ભક્તિ આવી બીલ્વમંગળના હ્રદયે નિવાસ કરી

જ્ઞાની બનાવે છે, પાછળથી રાજા તથા સિપાઇઓ આવી બીલ્વમંગળનો શિરચ્છેદ કરવા જતાં બીલ્વમંગળની મર્ણ પામેલી સતિ સ્ત્રી પ્રભાવતી પતિના નિર્દોષપણાની ખાત્રી આપે છે. રાજા પોતાની અજ્ઞાનતાને લીધે બંનેને ફરીથી મારવા તૈયાર થતાં ભગવાન પ્રગટ થઇ બીલ્વમંગળ અને ચિન્તામણીને બચાવી લે છે.

અંક બીજો.

પ્ર. ૧ લો—મંદમતિ ડેફ્રૂં પક્કા પોપટલાલ સાધુનો વેષ લઇ લોકોને ઠગવાનો વિચાર કરતો પરદેશ ચાલ્યો નીકળે છે.

પ્ર. ૨ જો—સોમગીરીના આશ્રમમાં બીલ્વમંગળ આવી ઉપદેશ લઇ સાધુ બને છે ત્યાં નારદજી આવી સોમગીરીના પ્રાણ અન્તયંત્રમાં ચઢાવે છે, બીલ્વમંગળના શિષ્યધર્મની કસોટી કરે છે, બીલ્વમંગળ ગુરૂ માટે પોતાના પ્રાણ અર્પણ કરે છે, નારદજીની ખાત્રી થાય છે અને સોમગીરી પાછળથી બીલ્વમંગળને સજીવન કરે છે અને અમુલ્ય ઉપદેશ સાથે વ્રજમાં પ્રભુદર્શન પામવાનો આશીર્વાદ આપે છે. બીલ્વમંગળ ગુરૂ પાસથી આજ્ઞા લઇ વ્રજ તરફ જવા નીકળે છે.

પ્ર. ૩ જો—ચિન્તામણી પોતાના મકાનમાં સંતમંડળ સાથે ભજન ગાય છે ત્યાં તેની પાળક માતા કુટીલા આવે છે. સાધુના તિરસ્કાર કરી કાઢી મુકે છે. ચિન્તામણીને પાપકર્મનો ઉપદેશ કરે છે. આખરે ચિન્તામણી કુટીલાને ધીક્કારી સાધુધર્મને સ્વિકારી કુટીલાના કાઢી મુકવાથી યાત્રાર્થે નીકળે છે.

પ્ર. ૪ થો—કળીયુગના પ્રભાવે ધર્મ ભકિતનું દુઃખી સ્થીતિમાં આગમન તેવામાં ક્રોધ આવી તેને પકડે છે ત્યાં અચાનક ભકત બીલ્વમંગળ આવી ક્રોધને ભય બતાવી કાઢી મુકે છે. ધર્મ ભકિતને પોતાના હૃદયમાં ધારણ કરે છે.

પ્ર. ૫ મો—વિશ્વમોહિનીને ભકતોને ભોળવવાની કળીની આજ્ઞા નારદજીનું આવવું. વિશ્વમોહિની પોતાની સત્તાનું અભિમાન જણાવી નારદજી સાથે વાદ કરે છે. નારદજી ભકત બીલ્વમંગળને બતાવી તેને જાળમાં ફસાવવાનું કહે છે. બીલ્વમંગળ આવે છે. મોહિની બીલ્વમંગળ સાથે કપટબાજી રમતાં શ્રીકૃષ્ણ પ્રગટ થઈ વિશ્વમોહિનીને જુતાનો ખવરાવે છે ને પક્કા પોપટલાલ ઢોંગી સાધુને બીલ્વમંગળ સમજી વિશ્વમોહિની ખુશી થઈ આનંદ માને છે.

પ્ર. ૬ ઠ્ઠો—કળિરાય પાસે ક્રોધ આવી ભકત બીલ્વમંગળનો પ્રતાપ જાહેર કરે છે. કળિનો ક્રોધ, પોતાના સાથી મોહ તથા ક્રોધને બીલ્વમંગળની ભક્તિ ભુલાવવા આજ્ઞા કરે છે.

પ્ર ૭ મો—નારદમુનિ અને મોહની વાતચીત, મોહ અભિમાન કરે છે ત્યાં બીલ્વમંગળ આવે છે, નારદમુનિ મોહને તેના પર સત્તા અજમાવવા કહે છે. મોહ બીલ્વમંગળના હૃદયે નિવાસ કરી મંગળાગવરી નામની બ્રાહ્મણ પુત્રી ઉપર મોહીત કરે છે.

પ્ર. ૮ મો—મંગળાગવરી પોતાના પિતાના દ્વારે સખીઓ સાથે ગરબો ગાય છે ત્યાં તેનો મૂર્ખ સ્વામી આવે છે. સતી મંગળાગવરી પતિની સેવા કરે છે. મૂર્ખ પંડિત શાળામાં ભણવા નાસી જાય છે. પાછળથી બીલ્વમંગળ આવી કામભીક્ષાની માગણી કર છે. સતી પોતાની સાડી ભૂમિ ઉપર પાથરી સંતને દ્રષ્ટાંત રૂપ બોધ કરે છે, અને સાધુધર્મ સમજાવે છે.

*

ત્યાં ભક્તિ આવી બીલ્વમંગળનો મોહ દૂર કરે છે. બીલ્વ-મંગળ મોહ દૂર થવાથી સતીની પ્રતિ કુદ્દષ્ટિ કરવા રૂપ ચક્ષુનો દોષ સમજી આંખો ફોડી નાંખે છે. ત્યાં દીવાન વિદ્યાધર અને તેની સ્ત્રી ગંગા આવી સંતની ક્ષમા માગે છે. બીલ્વમંગળ સર્વને આશિર્વાદ આપી સતીનો ઉપકાર માની વૃજમાં જવાનું કહે છે.

પ્ર. ૯ મો—ચિન્તામણી પ્રભુ ભજન ગાતી વૃજ તરફ જાય છે ત્યાં માર્ગમાં ઢોંગી સાધુ પક્કા પોપટલાલ મળે છે. અરસપરસનું ઓળખાણ થતાં પોપટલાલ ચિન્તામણીને વિષયી સમજી આનંદ માને છે. ચિન્તામણી પક્કા પોપટલાલનો તિરસ્કાર કરી, સાચી ભક્તિનો પ્રતાપ સમજી ચાલી જાય છે. બીજી બાજુથી વિશ્વમોહિની પોપટીયા ખવાસને બીલ્વમંગળ જાણી શોધ કરતી આવી મળે છે ને પરણવાની લાલચ આપી નારદને હલકા પાડવા માટે પોપટીયા ખવાસને લઈ જાયછે.

પ્ર. ૧૦ મો—મંગળાગવરીનો મૂર્ખ સ્વામી અક્કલશંકર સંસ્કૃતનો અભ્યાસ કરેછે ત્યાં તેની સાસુ ગંગા આવી સંધ્યા કરવાનું કહે છે મૂર્ખ સમજતો નહિ હોવાથી ચિન્તા કરે છે, વળી કામ ધંધો કરવા નિમીત્તે ઘરની પછીત તોડી પાડવા માંડે છે, ત્યાં સતી મંગળાગવરી આવી પોતાના સ્વામીને અટકાવે છે. મૂર્ખ પંડિત સતીને રૂપવતી જોઈ "**भार्या रुपवती शत्रु**" એ વાક્ય આધારે સતીનું નાક કાપવા તૈયાર થાય છે ત્યાં સાસુ સસરો આવી મૂર્ખને સમજાવી સતીને છોડાવે છે.

પ્ર. ૧૧ મો—નરવરસિંહ રાજાની કચેરીમાં લલિતરમણા કુમારીના ઉપવાસ બદલ સાધુ ભોજન માટે અક્કલશંકર સૂર—બીલ્વ-મંગળને તેડી લાવે છે. રાજા રાજકુમારીનું ભવિષ્ય પૂછે છે.

કુંવરી સૂર—બીલ્વમંગળને પગે લાગતાં મર્ણ પામે છે. રાજા શોક કરી મરવા તૈયાર થાય છે, ત્યાં સૂર—બીલ્વમંગળ રાજાને મરતો અટકાવી તેની કુંવરીને શ્રીકૃષ્ણના રાસમાં પ્રગટ દેખાડે છે.



અંક ત્રીજો.



પ્ર. ૧ સ્થા—સોમગીરી મહાત્માને વ્રજવાસીના સાથમાં ચિન્તામણીનો મીલાપ અને બીલ્વમંગળની શોધ નિમીત્તે સોમગીરી તથા ચિન્તામણીનું જવું.

પ્ર. ૨ સ્થા—મૂર્ખ પંડિત અક્કલશંકરનું પોતાની સ્ત્રી મંગળાગવરીને મળવા માટે સ્ત્રીનાં લુગડાં પહેરી જવા તૈયાર થવું ત્યાં મંગળાગવરી આવે છે. પછળથી તેના પીતા વિદ્યાધર તથા માતા ગંગા વગેરેનું આવી પહોંચવું. મદનો ખુલાસો મૂર્ખ જમાઈ અક્કલશંકરની મૂર્ખતા.

પ્ર. ૩ સ્થ—નરવરસિંહ રાજાની રાણી વસુમતી પોતાની કુંવરીને કુંવર જાહેર કરવાથી તેની રાજ્યમાં ખબર પડવાથી જંગલમાં માતા તથા પુત્રીનો આતમઘાત. ત્યાં સૂર—બીલ્વમંગળનું આવવું. રાણી તથા કુંવરીને મરતાં બચાવી કુંવરીનો કુંવર બનાવવો. રાણીની શોધમાં રાજા નરવરસિંહ આવી પહોંચતાં કુંવર જોઇ સંત શ્રેષ્ટ સૂરની ભક્તિ પ્રતાપનો આનંદ.

પ્ર. ૪ સ્થા—ધર્મ ભક્તિને ડરાવતો કળિયુગ પોતાની સત્તાને આડે નહિ આવવા માટે ભય બતાવે છે. ત્યાં મોહ આવી વિશ્વમોહિ-

નીએ સુર—બીલ્વમંગળને સપડાવ્યો છે તેવા ખબર આપે છે. કળીયુગ ધર્મે ભકિતને કેદ કરી બીલ્વમંગળનો નાશ કરવા જાય છે.

પ્ર ૫ મો—વિશ્વમોહિનીનો વસંત બાગ, પોપટીયા ખવાસની પકડાઈ. નારદમુનિએ વિશ્વમોહિનીને પોપટીયા ખવાસની ઓળખાણ આપવી. વિશ્વમોહિની પોપટીયાને જોઈ પસ્તાય છે ત્યાં કળીયુગ દાખલ થાય છે. વિશ્વમોહિની પોપટીયાનો પ્રપંચ જાહેર કરે છે કળિ તેને મારવા જાય છે, પોપટીયો ભયથી બીલ્વમંગળનું નામ લેતાંજ સુર—બીલ્વમંગળમાં પ્રગટ થાય છે, પોપટીયાને બચાવે છે, કળિ તેને મારવા જતાં ભયંકર સર્પોના કોટ બંધાય છે.

પ્ર ૬ ઠો—સુર—બીલ્વમંગળને રસ્તો બતાવતા ભગવાન હાથ ઝાલીને દોરી લાવે છે. રસ્તે ચઢાવીને પ્રભુ જતા રહે છે. સુર ભકિત પ્રમાણથી આનંદ આપે છે. ભગવાન પ્રસન્ન થઇ રાજભોગના થાળમાંથી સુરને જમવા માટે પ્રસાદ હરનિશ મોકલવાનું વચન આપે છે અને વૃંદાવન આદિ સ્થળોમાં સુર હરિગુણ ગાતા જાય છે.

પ્ર. ૭ મો—સોમગીરી, ચિન્તામણી ને સુર—બીલ્વમંગળનો મેળાપ. પાછળથી મંગળાગવરી તેના મૂર્ખ સ્વામી અકકલશંકર તથા તેનાં માતપિતા વગેરેના મીલાપે સુરની ઓળખાણ પડે છે. હાર ચડાવવાની બાધાનો ખુલાસો, મંગળાની ઉત્તમ ધર્મવૃત્તિનો પ્રમાણ. અપવાસી સતીથી ચાલી શકાતું નથી તેથી તેનાં માતપિતાની સુર પ્રતિ સતીની ચિન્તા જણાવવી. સુર સતિનો હાર ભગવાનને અંતરીક્ષથી પહેરાવી આપવા તૈયાર થાય છે. ત્યાં સર્વની વિનંતીથી સતીના મૂર્ખ સ્વામીને

વિદ્વાન બનાવે છે અને સતીનો હાર ભગવાનને ધારણ કરાવી ગીરીરાજ ધરણનાં પ્રત્યક્ષ દર્શન કરાવે છે.

પ્ર. ૮ મો—પક્કા પોપટલાલનો પસ્તાવો વિશ્વમોહિની દાસીરૂપે કચરો વાળતી આવે છે. નારદમુનિ સાથે વાતચીત. હાર પામેલી વિશ્વમોહિની સુરની ભક્તિનાં વખાણ કરે છે. નારદજી, ભગવાન તથા ભકતના ગુણ ગાતા જાય છે.

પ્ર. ૯ મો—ધર્મ ભક્તિ, સોમગીરી, ચિન્તામણી અને પોપટલાલ વિગેરેએ સુર બીલ્વમંગળનો પત્તો નહીં આપવાથી કળી તેને રીબાવી દુઃખ દે છે. ત્યાં ક્રોધ સુરને પકડી લાવે છે કળી સર્વેને ધર્મ ભક્તિ મૂકી દેવા કહે છે પરંતુ ભકતો નહિ માનવાથી કળી પોતાનું ઉગ્રસ્વરૂપ ધારણ કરી ભક્ષ કરે છે ને સુરને ભક્ષ કરવા જતાં શ્રીભગવાન પ્રગટ થાય છે: ભક્તોને અભય કરી કળી ઉપર ક્રોધાન્વિત થાય છે પણ ભકતના કહેવાથી તેને ક્ષમા આપે છે. સુરને સનેત્ર બનાવી વૈકુંઠમાં તેડી જાય છે. સુર પોતાનાં સવાલક્ષ પદ પૂરાં નહિ થએલાં હોવાથી વૈકુંઠમાં જવાની ના કહે છે, ભગવાન સુરની પ્રસન્નતા માટે બાકી રહેલાં પચાસ હજાર પદ સુર નામ સાથે પોતાનું શ્યામ નામ જોડી સુરશ્યામ નામથી પૂર્ણ કરવાનું વચન તથા શ્રેષ્ટ સખાનું પદ આપે છે ને ભકત તથા ભગવાન સુરશ્યામ નામથી ઓળખાય છે. છેવટનો આનંદ વૈકુંઠમાં સૂરશ્યામ.

વૈકુંઠ દર્શન.

મુખ્ય પાત્રોની સમજ.

સુત્રધાર, નટી, બાળાઓ—નાટ્યકાર સ્ત્રી પુરૂષ.

કળી—અવનિની અધોગતિ કરનાર પ્રભુ ભક્તિને ભૂલાવનાર ચોથો યુગ

મોહ, ક્રોધ—શટ્ શત્રુમાંના બે પ્રબળ રીપુઓ,

નારદજી—બ્રહ્મ જ્ઞાન મૂર્તિ દેવમુનિ.

ધર્મરાજા--પ્રાણીઓના દેહાંત પછી પાપ પુન્યના ન્યાય આપનાર ન્યાયાધીશ.

બીલ્વમંગળ—એક વેશ્યાગામી વિપ્ર. ભગવાનને પોતાના અડગ ભક્તિથી પ્રસન્ન કરી આધીન કરનાર સૂરભક્ત.

શ્રી શ્યામસુંદર—જગન્નિયંતા પ્રભુ, ભક્તોને અધોગતિથી ઉગારનાર ભક્તાધિન ભગવાન નટવરશ્યામ

પ્રભાવતી—બીલ્વમંગળની સ્ત્રી, ઉત્તમ સતિ.

ચિન્તામણી—નાયકાકર્મ ત્યાગ કરી સોમગીરી સંતની શિષ્યા બની બીલ્વમંગળને ઉપદેશ આપી સુધારનાર જ્ઞાની ગુણીકા

સોમગીરી--શ્રેષ્ઠ સંત, બીલ્વમંગળ અને ચિન્તામણીના ગુરૂવર્ય

ચંદ્રસીંહ—નગરનો રાજા.

પક્કા પાપટલાલ—ખવાસમાંથી દિવાન બનેલો ને પાછળથી ઢગ સાધુ.

વિશ્વમોહિની—માર્યાક શક્તિ.

મંગળાગવરી—બ્રાહ્મણપુત્રી, ઉત્તમ સતિ, વિદ્યાધરની કન્યા.

અક્કલશંકર—મંગળાગવરીના સ્વામી, મૂર્ખ પંડીત.

તેમજ ગોપ ગોપીઓ, ધર્મ, ભક્તિ, નરવરસિંહ, લલીતરમણા, દિવાન વિદ્યાધર, રાણી વસુમતી, પદ્મરાજ, સેનાપતિ, ચોપદાર, દાસ દાસીઓ કંચનીઓ વિગેરે.



શ્રી

સૂરશ્યામ

નાટકનાં ગાયનો.

અંક પહેલો.

મંગળાચરણ.

સુત્રધાર, નટી— ૧

શ્રી પ્રભુ પ્રણમું વીનવું, સુખદાતા ત્રાતા હું સ્તવું
વીમળ વીલાસ સઘન ઘન છાઓ,
આર્યહિત વર્ધક કંપની આ વિજય પ્રેમ આનંદ છવાયો;
પુજ્ય પદે શ્રીકૃષ્ણ શરણવર....

બાળાઓ— ૨

રંગે ગાઓજી ગાઓજી ગોપીના શ્યામ
ગોપીના શ્યામ નંદનંદન અભીરામ. રંગે.
વૃજજન તારણ, ગીરીવર ધારણ
યશોદાના લાલાજી, કુબજાના કામ. રંગે.
વંદ્રાવન રાસ છાઇ, યમુના ત્રટ બસી વાઇ
મોર મુગટ ધારી, મોરારી શ્યામ. રંગે.

નારદ— ૩

ભજ મન કૃષ્ણ હરે હરે, તું ભજ મન કૃષ્ણ હરે હરે;
વૃથા સર્વ કુવિચાર તજીને, ભજ મન કૃષ્ણ હરે હરે.

નારદ— ૪

કજીયો નામ કુવાડા સરખું, તિક્ષણ ધારાવાળું રે
હરખ વૃક્ષને હણે હમેશાં, કજીયાનું મોં કાળું રે
કજીયે કૌરવનું કુળ છેદ્યુ, યાદવ કુળ પરજાળ્યું રે
લંકાપતિને ક્ષણમાં માર્યો, કજીયાનું મોં કાળું રે
મનુષ્ય દેહ દુર્લભ પામીને, સુખી થવાને સારૂં રે
હળીમળી રીતે સૌ ચાલો, કજીયાનું મો કાળું રે

નારદ— ૫

જય જય જગત આધારા
અચળ કૃતિ ધરનારા—જય જય.
વિમળ પદે વરમાન તમારૂં ભક્ત અભય પદ ભાવે
સ્વર્ગ સહન પાતાલ ભુવન ત્રય કૃતિ નવલી દરશાવે-જય.

ચિન્તામણી તથા છોકરીઓ-૬

ચલો રૂમક ઝુમક મદ ભરી રંગીલી બાળા નવેલી નાર
અધરનકી લાલી હજાર છોટી છતીયનકી બહાર
આછી ગાલોકી લાલી ગુલાબી મેરી છોટી ઉમર મતવાલી
કલી કલી ખીલ રહી અંગ ફુલવાડી બાંકે નયનોકે નખરેવાલી
રંગીલી રસીલી છબીલી નાજનીયાં પ્યારી ગુલજાર-ચલો.

ચિન્તામણી— ૭

મૈં તો હારી મોહનસે મેરો નાજુક બદન
રૈન સારી જાગી જગાઇ પ્યારે—મૈં તો હારી.
છોટી ઉમરીયામેં તોબા ગુજરીયાં
લુટ લીયો જોબન બનાકે ગુલતાન—રૈન.
હાથ પકડ મોરા અંચરા પકડા, છોડો છેલ મુસકાય
છોડોજી મઇકા સતાવો ના રસીયા
પતલી કમર બલ ખાય ખાય જાય
લોગ હસેગે દેખેગેં મોયકો
કૈસી ભઇ મોરી દઇયાં રામ રામ—રૈન.

ગોપ-ગોપીકાઓ— ૮

રાધે બંસીકી ધુન સુનલે સુનલેરી ગોવાલન
કુંજ ભવનમેં સ્યામ બજાવત ચંચલ ચપલ નયન
અનગત મોરાર-વિસ્તાર સરૂગમ સુરકે—રાધે.
કાલીંદ્રીત્રટ નીરન કરૈયા સબ ગોપી ગોપાલ સંગ ખેલે તાતા થૈયાં
પમપ ગરેગસા ધનીરેગગ, ધમ મૃદંગ ઉપંગ બેન ગજ
ચાલ ચલત ઠમ ઠમકે ઠણુણ, આગડગીડગીડ ધુમ ગીડગીડગીડ
તલાંકતો કીટ કીટ ધાની લે—રાધે.

શ્રી શ્યામસુંદર— ૯

હું અષ્ટપ્રહર અમૃત વરસાવું, સાત્વિક ભક્ત જણાય;
સાત્વિક ભક્ત જણાય પ્રેમ—ના મમ મુખથી વરણાય—હું.
શુદ્ધ સ્નેહ દુધડે નવરાવું, અભીનવ વર વરદાય;
ભક્તશીરોમણી શિર સાટે, નવલી કૃતિ દરશાય—હું.

ભક્ત સ્નેહે હું સત્તર પ્રગટું, અટકું ન વૈકુંઠમાંય;
ભૂમી ભાર દુષ્ટોને હણવા, ધરૂ દેહ યુગ માંય—હું.

પ્રભાવતી— ૧૦

સતિ શિરમણી પતીની સેવ કરીને સુંદરી સોહાતી
રમણી કાતી કુંદન થાતી (૨)
વિશ્વમાં ખ્યાતી ફેલાતી..........સતિ.
સકળ તિર્થનું ધામ છે સ્વામી, ગંગા જમુના ચરણે વિરામી
પતી પ્રભુ ગુણ ગાતી..........રમણી.

પ્રભાવતી— ૧૧

પ્રાણજીવન તરછોડી ન જાઓ હારા
ન જાઓ ન જાઓ નિરદય ન થાઓ
પરણી પ્રેમદા પર પ્રીતિ ધરો
મન મોહન મારા—પ્રાણજીવન.
સતિના સમાન પતી નાયકા થનાર નથી
ફસાયે પ્રપંચી પ્રેમથી

બીલ્વ૦—ચિત્તમાં અપાર ચિન્તામણી પ્યાર
પ્રભાવતી—ન જાઓ પ્રિય મારા—પ્રાણજીવન.

ચિન્તામણી-- ૧૨

ચંદ્ર ચઢયો નભ ચતુર ન આવ્યા, ચમકી ચતુરા ચિત્ત ચીરાયે;
ચિત્ત ચીરાયે કંઈ કંઈ થાયે—ચંદ્ર૦
આગ અનંગની અંગમાં પ્રગટી, ખાખ જીગર થયું મારૂં રે;
કોઈ મીલાવત મુજ મનમોહન, તન મન ધન હું વારૂં રે—ચંદ્ર૦

ચિન્તામણી— ૧૩

સૈયાં હું છું ગુલાબી ફુલ પ્રિતમ રંગ કેશરીયાં,
મારૂં જોબન ગુલાબી ફુલ પ્રિતમ રંગ કેશરીયાં—સૈયાં.
પાન ગંગેરી જશોદા બીડીયાં, ચાવે ગુલાબી ફુલ,
ચલાવે રંગ કેશરીયાં— સૈયાં.
ચુન ચુન કલીયાં સેજ બીછાઈ, સોવે ગુલાબી ફુલ,
ઉડાવે રંગ કેશરીયાં— સૈયાં.

ચિન્તામણી— ૧૪

જાઉં આજ જાઉં જોગીને ડોલાવું. પાઉં રસ પ્રેમ પ્યાલો જોગીને
નયનોથી નચાવું મારા ફંદે ફસાવું—જોગીને.
જોગીના ભોગી બનાવું રમાડું જાઉં જરૂર લાલા કેરી બનાઉં
મદ ભરી ચાલે જોગી લલચાવું—જાઉં.

ચિન્તામણી— ૧૫

હું જ્ઞાન પ્રભાતે જાગી. લગની હરીવરથી લાગી
તૃષ્ણા સહુ મનની ત્યાગી, ભવની બધી ભાવટ ભાગી
ગુરૂ જ્ઞાન આનંદની પ્રેમ વીણા વાગી, કૃષ્ણના ભજન
કેરી લગની લાગી
હૃદય મંદિરમાં અખંડ પ્રેમ જોત જાગી—ભવની.
સ્વાર્થી સંસાર બધો દીધો મેં તો ત્યાગી, સાચા સ્વામી
શામળાથી પ્રીતિ અનુરાગી—
લાગી લાગી પ્રીતિ પ્રભુ પર લાગી—ભવની.

પ્રભાવતી— ૧૬

સાચો સુંદરીનો શ્રષ્ટિમાં શ્રૃંગાર આધાર
અંતરનો એક જીવનહાર છે.
સતી સ્વામીને સ્નેહથી વધાવે
ભોજન ભાવનાં ઉમંગે ધરાવે
મન મોતીની માળા પહેરાવે ધરી પ્યાર
અંતરનો એક જીવનહાર છે.
આધી વ્યાધી અંતર નવ આણું
સુખ સાહ્યબીને નાશવંત જાણું
કથા કંથની કરીને ગુણ માણું શોધી સાર
અંતરનો એક જીવનહાર છે

કુલી તથા પક્કા પોપટલાલ-૧૭

કુલી—વાલા સંગે લેશો આ દાસી તમારી (૩)
પોપટ-ખસ દુર જાને કરે શું લાચારી (૩)
કુલી—તમે જોગી કુલી જોગણ થાશે
પોપટ-છોડ હાથ મારો નહિ તો માર ખાશે
કુલી -પરણ્યા છતાં મારે રાંડવું
પોપટ-ના ના ગમે તેનું ઘર માંડવું
કુલી—હાય હાય પોપટજી પ્યારા હું છું તમ પ્યારી,
પોપટ-હું બેટો તારો ને તું મા છે મારી-પરણ્યા.

આકાશવાણી.

સોમગીરીના શિષ્ય થઈ, બની ભક્ત ને દીન ગાળજે:
મમ રાસના પદબંધ ગાઈ, વૃજમાં પ્રગટ મુને ન્યાળજે.

બીહરમંગળ— ૧૮

ભજીશ હું ભુધરને ભાવે, જેથી જનમ મરણુ નાવે
અંધ બની અવની પર ભટકી, પાપની પોઠ વધારી
જુઠી કાયા, જુઠી માયા, ઉતરી જ્ઞાનની બારી-ભજીશ.
શ્રીહરિ ચરણે ચિત્ત મમ ચોટ્યું, અવરની ઓળખ ટાળી,
ભાવટ ભાગી લગની લાગી, તેં લીધો મુને ઉગારી-ભજીશ.

ગરૂડ ઉપર શ્રીકૃષ્ણ દર્શન.

અંક બીજો.

બીલ્વમંગળ— ૧૯

હવે તો હું રહું રાચી, હરિના ગુણ ગાવામાં
હરિના ગુણ ગાવામાં, પ્રભુની પાસ જાવામાં
કર્યા અપરાધ મેં લાખો, ભક્તિનો રસ હવે ચાખ્યો
મનુ રસબસ હવે ચોકસ—હરિના.
જુઠી બાજીમાં જન્મારો, થઇ વિષયાંધ હું હાર્યો
કુડી કાયા કરૂં હું રાખ—હરિના

ચિન્તામણી— ૨૦

પ્રાણી પ્રભુ નામનું ભજન કરજો, ભજન કરજોરે હરિને સમરજોરે
રટણ કરજોરે સ્મરણ કરજો—પ્રાણી.
કામ ક્રોધ મદ મોહ નીવારી દુરમતી ત્યાગ અભાગી
ગુરૂ જ્ઞાન દીપકને ઉજાસે જોને ઉજરા જાગીરે ભજન
લાખ ચોરાશી ભટકી પામ્યો, મનુષ્ય જન્મ હીરો
ફોગટ મર્કટ માણી ગુમાવે, તેમ તું પડશે ધીરોરે—ભજન

ચિન્તામણી— ૨૧

સાચું સદાએ છે હરિ નામ હરિ નામ હરિ નામરે
સમજ સમજ મન ભમરારે રાજી
ગુરૂ જ્ઞાન પામીને નીંદ્રા મે ત્યાગીરે
કૃષ્ણ ભજીશ હું તો આઠે જામ આઠે જામ આઠે જામરે—સમજ.
મીથ્યા સહુ માયારે. સાચા જદુરાયારે
સ્નેહથી સ્મરીશ હું તો રાધે શ્યામ રાધે શ્યામ રાધે શ્યામરે—સ૦

વિશ્વમોહિની—   ૨૨

દેવી સુંદરી આલમની મોહની, શરણે રાખ્યો સંસારને
ભુલ્યા માનીગુમાની ભાન માયાની ચાંદની શરણે રાખ્યો સંસારને
મેં તપસીને કીધા સંસારી, મુનિ મોટા બનાવ્યા વીકારી—દેવી૦
દેવ દાનવ સહુને હરાવ્યા, ત્યાગી રાગી બનાવી ફસાવ્યા
ત્રણે લોકમાં પ્રબળ મારી માયા—દેવી સુંદરી૦

વિશ્વમોહિની—   ૨૩

કેવી લટક મટક ચાલ, મારા ગુલ ગુલની ગાલ, મતવાલા
જોબન વાળી નારીજી.

ખીલી જોબન ફુલવાડી ભ્રમર ચુમે રસ હાડી—મતવાલા૦

ગોપટીઓ-વાદ ના. [illegible] નવેલી

વિશ્વ૦-ચાલોજી છેલા તમે જો [illegible], માના [illegible] વાર

રંગ રાજી [illegible], મોહન મારો સગાથ-[illegible]—કેવી

મંગળાચરણ. સખીઓ— ૨૪

વધાવો લો શીયળ સતિ નારી સંસારમાં
એ અભીષ્ટ છે ને વળી જયકારી

સાખી.

સતિ સીતા તારામતી સતિ અનસૂના સૂય;
સાવિત્રી ધન્ય ધન્ય સતિ પતિ ધર્મ માધુર્ય—વધાવો.
સેવા સાચી સ્વામીની, નારી ધર્મ અવિચ્છીન;
સ્વર્ગ મૃત્યુ પાતાળમાં પતિવૃતા સતિ ધન્ય—વધાવો.

મંગળાગવરી, સખીઓ— ૨૫

ગરબો.

સખી શીયળ શ્રંગાર મેં દીપાવીયો, સતિ નારીના મનમાં જે ભાવીયો
હેમ હીરા શ્રંગારને હરાવીયો—સખી૦

સાખી.

પતિ એજ પરમાત્મા, એજ ધર્મ તપ ધ્યાન;
સતિને સેવા સ્વામીની, એજ મોક્ષ કલ્યાણ.

સતિ નારી તે શીયળે શોભેરે. સાચો વિજય વરે
આનંદનો દધી ઉલટે છેરે, શીયળ શોભા ભરે
એરે શ્રંગાર મેં અંગે ધર્યો, સાચો વિજય વરે-સખી૦

સાખી.

શ્રદ્ધાનાં કંકણુ ધર્યા, ઉર સંતોષના હાર;
સ્વામી ભક્તિ ચાંદલો, શીયળ સાડી શ્રીકાર-સખી૦

સાખી.

ભક્તિ—સાચુ કુંદન સંત છે, સતિ સમજી ધર ધીર
મોહ નષ્ટ આવી કરૂં, સંત પુરૂષ વર વીર.

બીલ્વમંગળ— ૨૬

મેં અલગ કર્યા લોચન, ટળીયાં સર્વે વિઘન
છે ધન્ય આજનો દન, વરસ્યો ભક્તિ પરજન્ય
સાચા પંથે હું ચડીયો, મમ હૃદયની ચક્ષુ ઉઘડીયો
આનંદ સાગરમાં પડીયો હરખ્યું મન—મેં અલગ૦

મંગળા૦ | ક્યાં અંધ બનો આથડશો, અત્રે રહી ભક્તિ કરશો
તથા સંવ- | વિનતી અમ ઉરમાં ધરશો

બીલ્વ૦—મને વ્રજને રસ્તે ચડાવો સમજુ જન—મેં અલગ૦

ચિન્તામણી — ૨૭

શાણા શામળીયા સાથે સાધી લે સુરતીયાં
સાચા છે સુંદર શ્યામ......આ........આ
જુઠી જંજાળ જગની, મૂકી મન મૂરખા મારા
ગાને જીભેથી નંદલાલ મુરતી મનમાં માપી
જાપી જાપી ......આ.......આ.........શાણા.
તડાતા વીઠલવર સાગ. નાગ નયનોના મારા
પ્રેમે પુજી લે વ્રજલાલ, મુરતી મનમાં માપી
જાપો જાપો......આ......આ.......શાણા.

વિશ્વંભરાહિત— ૨૮

હાંહારે. આવો. આવો. પ્રીતમજી પ્રાણાધાર-(૨)
તમારી વહાલા હું છું રંગીલી, રંગીલી છબીલી છટાદાર-હાંહારે.
પાપટીઓ—બની જા પ્યારી તું તો રામકી હમારે કાનકી મનહર
ભલું થયું હું સાધુ બનીયો-રામા મળી રૂપાળી
આનંદ પામું આજે ઉરમાં નયનોથી નિહાળી
વિશ્વ૦—ચાલોજી ચાલો, તમારો - હાંહારે ચાલો.

અક્કલશંકર— ૨૯

અસ્માકં ના જોઇએ આવી નારી ભુરી ભટાકં
કવચિત દીનાની સાચું કહું છું રૂપવતી જાય શટાકં

શાસ્ત્ર કથીતે સત્યં, મમ હ્રદયા માંહી ખટાકં
અહ પંડિતા નિશ્ચય કુરૂતે, નાકં કાપુ કટાકં
વિદ્યાધર, ગંગા—રૂપવતી નારી આવી, શા ભોગ લાગ્યા પરણાવી
તને મૂર્ખને વિદ્યા ભણાવી, મમ આબરૂ છેક ગુમાવી.
અકલશંકર—શો લટકમટક ચાલંતી, તસ્માન નાક કાટંતી
નિશ્ચય કુરૂતે રૂપવતી નારી. સત્ય શત્રુ ગણતં—અસ્માક.

વારાંગનાઓ— ૩૦
વારીરે મોરારી શ્યામ બંસી ધારી ગલિહારી, કુંજવિહારી
સોહે મનવારી ઝુણી આગે—મોરારી.
હાથ પ્રસારી પકડે સારી, ઓર કરત તકરારી
બોલે નહીં ન ચાલ ટારી, લીલા સુખકારી
કૃષ્ણજી શ્યામ મંગીધારી ગુન ગાઓ સદા ગીરધારી—મોરારી.

લલિતરમણા— ૩૧
કા....નુ....ડા મારો સાંચા સુંદરવર કાનુડો,
મોર મુગટ પીતાંબર ધારી કાનુડો કાળો,
લટક ચાલ લટકેથી ચાલે, નટવર લટકાળો:—કૃષ્ણજી. કાનુડો૦
ધેનુ ચરાવે બંસી બજાવે, યમુના કીનારો,
રઢિયાળો રૂપાળો મારી આંખોનો તારો—જગતનો. કાનુડો૦
બંસીબટ વૃજમોહન મારો, છબીલો છોગાળો;
સ્વપ્ન વિષે પરણી ચુકી છું, કાનુડો કાળો—નંદનો
નંદ કૃષ્ણ કાળો. કાનુડો૦

અલૌકિક ચમત્કારી રાસમંડળ.

અંક ત્રીજો.

ચિન્તામણી-- ૩૨

જય જય નારાયણ બ્રહ્મપરાયણ શ્રીપતી કમળાકાન્ત
નામ અનન્ત કઇ રીત વરણુ શેષ ન પામત અંત-
શિવસનકાદીક આદી બ્રહ્માદીક સુરમુનિ ધ્યાન ધરંત
મચ્છ કચ્છ વારાહ રૂપ હરી વામન વેષ ધરંત-
પરસુરામ શ્રીરામચંદ્ર રૂપ, લીલા કોટી કરંત
જન્મ ધરી વસુદેવ દેવકી પ્રગટ્યા ગોકુળ ગોપ નંદ
પેસી પાતાલ કાળીનાગ નાથ્યો ફેનપર નૃત્ય કરત-
ઇંદ્ર ગુમાનો ગર્વ ઉતાર્યો, કર પર ગીરી ધરત
જગન્નાથ જગમગ ચિંતામણી શરણુ સુધા નીરખત
દ્વાદશ સ્કંધ ભાગવત ગીતા, ગાવત સુર અનંત-

મ૦, બીલ્વમંગળ--- ૩૩

નટવરનંદ કુમાર, કૃપા દરશાવોને,
મમ જીવન પ્રાણાધાર દયા ઉર લાવોને
અબળા આત્મઘાત કરે છે, મમ શરણું પ્રેમ પ્રાણ ધરે છે
જોયું ન સુજથી બનત કૃપાધન, આવો પ્રાણાધાર
નારી તણો નર સઘ બનાવો, ટેક માટે મરશે આ નાવો
લાજ તમારી જાગે વિભુવર, ધાઓ પ્રાણાધાર

આકાશવાણી.

વચન સફળ છે તમ તણું પુત્રી પુત્ર બનાવ
ભક્ત વચન વશ ભુધરો, જગત વિષે દર્શાવ

કળિ, ક્રોધ, મોહ—　　　૩૪

બસ જાઓને દુર થાઓને, ધરણી તલથી સત્વર અહીંથી;
નહિતો મારૂં પલમાં ધારૂં, ખુબ છલ કલથી મુજ ભુજ બળથી
ભક્તિ, ધર્મ-કાં બાથ ભરે બાવળને ઓ નાદાન
ખતા ખાઇને થાઇશ ખુબ હેરાન
કળી—કાઢું જડામુળ હું તારૂં,
ભક્તિ, ધર્મ-ખાશે તુજ પાપ તને ધારૂં,
કળી—હાય, હાય. થાય, કાય, રોમ રોમ પ્રગટે આ વાર.

શ્યામસુંદર—　　　૩૫

ધન્ય ધન્ય પ્યારા સુરવરજી. તંત શીરોમણી જાણીયા
મે જાણીયા, મે જાણીયા,
ઉત્તમ ભક્તજ છો સહી, સૂર્ય સમા મે નાણીયા
વૈકુંઠ તજી હુ આવ્યો ઉતાવળો ગુણ ગણુ શા નામ
ગણીએરે શાણાજી—મેં જાણીયા

૩૬

શ્યામ-સૂર શાણા સુહાગી સત ચાલોરે, પથ ગાલો.
સૂર—શ્યામ સુંદર ભુધર બાંય ઝાલોરે—પંથ.
શ્યામ-ભક્તિ ભક્તની શક્તિ મુજ સાચી
સૂર—સેવા શ્યામની હૃદયમાં રાચી;
શ્યામ-હું તો ભુખ્યો છું ભાવનો નીરાલોરે, પ્રેમ વહાલો.
માતા પીતા સુત સાહ્યમી માને વૃથા સંસારમાં
નિષ્કામ ભક્તિ એજ મુક્તિ ભક્ત જાણે સારમાં

સૂર-તારણુ તરણુ મુરલીધરા, અભરાભરણુ કરતાર છો;
કારણુ કરણુ ધરણીધર, અશરણુ શરણુ આધાર છો.

સૂર— ૩૭


વૃજના વિહારી વેલા આવોરે, વિઠ્ઠલવર મારા-વૃજ.
જેવા તેવા પણ દાસ તમારો માવા મોટાઇ બતાવોરે
હાર સ્વિકારો શ્રી કંઠે ધારો
શુદ્ધ સતીની સેવા સ્વિકારો
પ્રભુજી પધારો કષ્ટો નિવારો
મનના વિરામ મારા સુંદરશ્યામ કહેવા-વૃજના.

વિશ્વમોહિની— ૩૮

ધન્ય ધન્ય ધન્ય સંત તુંહીરે, ધન્ય ભક્ત તણો
અવતાર-સાર ધન્ય.
સ્વર્ગમાં જોયું, પાતાળે જોયું, જોયો સકળ સંસાર;
ચૌદ બ્રહ્માંડમાં જોઈ વળી હું, ધન્ય છે ભક્ત અવતાર.
સાચે કહું પોકારીરે—ધન્ય.

નારદજી— ૩૯

ભક્તિના સિંહાસને ચઢીઆ, આનંદના દરબાર સોહાય,
વિજયધ્વજ એ પ્રભુના ઘરનો. ફરકે સાચે જો નભ માંય;
સંત સંતાપ કરે તે હારે, વિશ્વમોહિની થઇ ખ્વાર,
ચતુરાઇમાં ચુકી અંતે, સંત શરણુ થઈ રહી લાચાર.
ભક્તો મોટા સાચુ સમજો, ભક્ત શિર પર શ્રી કિરતાર-ભ૦


વૈકુંઠ દર્શન.

અખૂટ કૌવત આપનારી

આતંકનિગ્રહ ગોળીઓ.

તદ્દન વનસ્પતિની

આ ગોળીઓ સ્ત્રી પુરૂષો એ બન્નેને એક સરખી ઉપયોગી છે. અતિ પાચક, પુરૂષત્વ આપનાર, લોહીની શુદ્ધિ કરનાર. ધાતુ દોષોને મટાડનાર અને નિર્બળ માણસને બળવાન કરનાર ઘણીજ ઉત્તમ દવા છે. કીંમત ગોળી ૩૨ બત્રીસની ડબી ૧ નો રૂપીયા એક.

વૈદ્ય શાસ્ત્રી મણીશંકર ગોવિંદજી.

આતંકનિગ્રહ ઔષધાલય.

હેડ ઓફીસ............જામનગર.........કાઠીયાવાડ.
બ્રાંચ નંબર ૧.........મુંબઈ............કાલબાદેવી રોડ
બ્રાંચ નંબર ૨.........કલકત્તા...........હેરિસન રોડ.
બ્રાંચ નંબર ૩.........પુના..............બુધવાર પેંઠ.

જાહેર ખબર.

નીચે લખેલા ઓપેરા કંપનીમાંથી રોકડી કીંમતે મળશે.

જગતસિંહ	...નાટકના ઓપેરા...	...૦—૨—૦
શૈલબાળા	...નાટકના ઓપેરા...	...૦—૨—૦
ઇન્દુમતી	...નાટકના ઓપેરા.	...૦—૨—૦
રમણસુંદરી	...નાટકના ઓપેરા	...૦—૨—૦
સંસારી સાવિત્રી	...નાટકના ઓપેરા .	...૦—૨—૦
સીતા સ્વયંવર	.. નાટકના ઓપેરા..	૦—૨—૦
વિદ્યાપ્રતાપ	..નાટકના ઓપેરા.	.. ૦—૨—૦
કામાંધનાં કાવત્રા	...નાટકના ઓપેરા.	...૦—૨—૦
સુશીલ સુંદરી	...નાટકના ઓપેરા...	..૦—૨—૦
દારા ઔરંગઝેબ	.. નાટકના ઓપેરા ..	...૦—૨—૦
વેરની વસુલાત	...નાટકના ઓપેરા.	.. ૦—૨—૦
પ્રેમની પુતળી.	...નાટકના ઓપેરા	...૦—૨—૦
કળિયુગની સતી	.. નાટકના ઓપેરા...	...૦—૨—૦
નરસિંહ મહેતો	...નાટકના ઓપેરા..	...૦—૨—૦
મીરાંબાઇ.	...નાટકના ઓપેરા .	...૦—૨—૦
ધ્રુવકુમાર.	...નાટકના ઓપેરા...	...૦—૨—૦
ગોપીચંદ	...નાટકના ઓપેરા..	...૦—૨—૦
ભકતરાજ પીપાજી	...નાટકના ઓપેરા...	...૦—૨—૦
રાધા પ્રેમભકિત	.. નાટકના ઓપેરા..	...૦—૨—૦

નરસિંહ મહેતો, મીરાંબાઇ, ગોપીચંદ, ભકતરાજ પીપાજી, ધ્રુવકુમાર, સુરસ્યામ તથા રાધા પ્રેમભકિત નાટકની ભાષણ સહિત મોટી બુકો આઠ આનાની કીમતે કંપનીમાંથી કોઇપણ વખતે મળી શકશે.

ગ્રન્થ કર્તા.